CRMA 320/2026

**મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૬૬૬/૨૦૨૫ ના કામે મુદ્દામાલ ઓપો કંપનીનો મોબાઈલ જેનો IEMI NO.86743072575666 અને 86743072575674 નો કબજો પરત મેળવવાની અરજદાર : રાહુલ ભેરુલાલ ખારોલનાઓની બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૪૯૭ હેઠળનો હુકમ :**

(૧) અરજી તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.તપાસ કરનાર અધિકારીશ્રીનો અભિપ્રાય તથા એ.પી.પી.શ્રીની રજુઆત ધ્યાને લીધી. અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.વી.ચૌહાણની તથા ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

(૨) અરજદારની હાલની અરજી અરજદારે,મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૬૬૬/૨૦૨૫ ના તપાસના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ઓપો કંપનીનો મોબાઈલ જેનો IEMI NO.86743072575666 અને 86743072575674 પરત મેળવવા માટે કરેલ છે.

(૩) અરજદારે પોતાની અરજીના સમર્થનમાં પોતાનુ સોગંદનામુ રજુ કરેલ છે તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી મુદ્દામાલ મોબાઈલોના બીલની ઝેરોક્ષ કોપી રજુ કરવામાં આવેલ હતી તથા અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ રજુ કરેલ છે.જેમાં મુદ્દામાલ મોબાઈલ અંગેના બીલ જોતાં સદર મોબાઈલ હાલના અરજદારના નામે નોંધાયેલ હોવાનુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે તેમજ મોબાઈલના આઈ.એમ.આઈ નંબર પણ અરજીમાં જણાવ્યા મુજબનો હોવાનુ જણાઈ આવે છે.સદર મુદ્દામાલ આરોપીના કબજામાંથી કબજે લેવામાં આવેલ હતો.વધુમાં અરજદારે નામ.કોર્ટ રુબરુ સદર અરજી અનૂસંધાને સોગંદનામુ પણ રજૂ કરેલ છે.સદર મોબાઈલ આરોપી ના કબજામાંથી લેવામાં આવેલ તે મોબાઈલ અરજદારની અરજીમાં જણાવ્યા પ્રમાણેના હોવાનુ જણાઈ આવે છે .સદર કામે અરજદાર જ આરોપી છે.વધુમાં સરકાર તરફ વિ.એ.પી.પી.શ્રીએ લેખીત માં શેરો કરી જણાવેલ છે કે,હાલની અરજીમાં જે મોબાઈલ અરજદારને પરત સોંપવામાં આવે તો,આવા પ્રકારના બીજા ગુનામાં ઉપયોગ કરે તેવી શકયતાઓ હોઈ અરજદારને મુદ્દામાલ મોબાઈલ પરત સોંપવા સામે વાંધો છે.

(૪) આમ,ઉપરોકત સમગ્ર ચર્ચા તથા વર્ણનનુ મૂલ્યાંકન કરીએ તો પોલીસે કબજે કરેલ મુદ્દામાલ આરોપી પ્રોહી એકટની કલમ–૬૫ એઈ ,૮૧ ના ગુના સાથે પકડાઈ જતાં રજુ મુદ્દામાલ પોલીસ કબજે કરેલ હોવાનુ પંચનામુ તથા મુદ્દામાલ પાવતીનુ રેકર્ડ જોતાં જણાય છે.સરકાર તરફે વિ. એ. પી.

પી. શ્રીએ જણાવેલ છે કે,અરજદારના માગ્યા મુજબનો મુદ્દામાલ પરત આપવા સામે વાંધો છે તેવુ જાહેર કરેલ છે.આમ,સદર મુદ્દામાલ તરીકે પોલીસ સ્ટેશનને પડી રહે તો તેઓને રોજીંદા જીવન કામકાજમાં ધંધા રોજગારમાં તેઓને ખુબજ તકલીફ ઉભી થાય તેમ છે.વધુમાં સદર લાંબો સમય પોલીસ સ્ટેશને બંધ હાલતમાં પડી રહે તો તેના સ્પેરપાટર્સ તેમજ બેટરી બીનઉપયોગી બની જાય તેમ છે અને તેઓ સદર મોબાઈલ વગર હેરાન થઈ રહેલ છે.વધુમાં સદર મોબાઈલ પોલીસ સ્ટેશને લાંબા સમય સુધી પડી રહે તો બગડે તેમ છે તેમજ ના.કોર્ટ જે કોઈ શરતો મુકશે તેનુ પાલન કરવાની ખાત્રી આપે છે. આમ, ઉપરોકત હકીકતો અને દલીલો તથા રજુ થયેલ કાગળો ધ્યાને લેતાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ હાલના અરજદારનો હોવાનુ જણાય છે.આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે,સદર મુદામાલ મોબાઈલો હાલના અરજદારના નામે હોવાનું માનવાને કારણ રહે છે.આમ,ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદારને મુદ્દામાલ મોબાઈલ વચગાળાના તબકકે જામીન ઉપર પરત સોંપવાનું ન્યાયિક અને ઉચિત જણાતું હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

-: આ ખ રી હુ ક મ :-

અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.અરજદાર:રાહુલ ભેરુલાલ ખારોલ નાઓને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૬૬૬/૨૦૨૫ નાં કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ ઓપો કંપનીનો મોબાઈલ જેનો IEMI NO.86743072575666 અને 86743072575674પોલીસે કબજે કરેલ છે તે મોબાઈલનો કબજો વચગાળાના તબકકે નીચેની શરતોને આધીન જામીન ઉપર પરત સોંપવાનો બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ-૪૯૭ હેઠળ હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો :-</u>**

(૧) અરજદારે વચગાળાનાં તબકકા દરમ્યાન મુદ્દામાલ મોબાઈલની કીમતના દોઢી રકમના જામીન સહીતનાં બોન્ડ જે તે પોલીસ સ્ટેશનના મુખ્ય અધિકારીશ્રીની સમક્ષ યોગ્ય સ્ટેમ્પ પેપર ઉપર લખી આપી સદરહુ મુદ્દામાલ સક્ષમ અદાલત જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં જે તે જગ્યાએ રજુ કરવાની બાંહેધરી આપવી.

(૨) અરજદારે મુદ્ધામાલ મોબાઈલ નામ.કોર્ટની પરવાનગી વગર કોઈને વેચાણ, બક્ષિસ,

ટ્રાન્સફરકે,ગીરો કરવો નહીં એટલે કે , મુદ્દામાલ મોબાઈલ કોઈને પણ કોઈપણ પ્રકારે હસ્તાં તરણ કરવો નહીં.

(૩) અરજદારે મુદ્દામાલ મોબાઈલ કોઈપણ રીતે કોઈપણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિમાં ઉપયોગમાં ન લેવાય તે રીતે વપરાશમાં રાખવો.

(૪) જામીન સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા. સંબંધિત પોલીસ સ્ટેશનને આ બાબતની યાદી કરવી.

(૫) અરજદારે મુદ્દામાલ મોબાઈલના ચારે દીશા ફોટોગ્રાફ પાડી અત્રેની કોર્ટ માં રજુ કરવા.

(૬) ત.ક.અમલદારે સદર મોબાઈલ કામના અરજદારને પરત સોંપ્યા અંગેના હુકમના અમલ થયાની જાણ અત્રેની કોર્ટને લેખિત રીપોર્ટથી દિન: ૩૦ માં કરવી.

હુકમ આજરોજ તા.૧૭ મી,માહે:જુલાઈ,સને:૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી ,સહી કરી જાહેર કર્યો.

તારીખ:૧૭/૦૭/૨૦૨૬.
મોડાસા.

(એસ.આર.શર્મા )
એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
મોડાસા.
જજ કોડ નં.જી.જે. ૦૧૫૭૧